**ચિન્મય કૃષ્ણ દાસની ધરપકડ અંગે નિવેદન**

**26 નવેમ્બર, 2024**

બાંગ્લાદેશ સમ્મિલિત સનાતન જાગરણ જોતના પ્રવક્તા, શ્રી ચિન્મય કૃષ્ણ દાસની ધરપકડ અને જામીન નામંજૂર થવા અંગે અમે ગહન ચિંતા વ્યક્ત કરીએ છીએ. આ ઘટના બાદ બાંગ્લાદેશમાં હિન્દુઓ અને અન્ય લઘુમતીઓ પર ઉગ્રવાદી તત્વો દ્વારા અનેક હુમલા કરવામાં આવ્યા છે. લઘુમતીઓના ઘરો અને વ્યાવસાયિક પરિસરોમાં આગચંપી અને લૂંટફાટ મચાવવામાં આવી તેમજ ચોરી અને ભાંગફોડ જેવી અનેક ઘટનાઓ કરવામાં આવી અને મંદિરોને ભ્રષ્ટ કરવામાં આવ્યા તેમજ દેવી-દેવતાઓની મૂર્તિઓ પણ તોડવામાં આવી.

આ અત્યંત દુર્ભાગ્યપૂર્ણ છે કે આ ઘટનાઓના અપરાધીઓ છૂટા ફરે છે, જ્યારે શાંતિપૂર્ણ સંમેલનો દ્વારા લોકોની કાયદેસર માંગ રજૂ કરનાર ધાર્મિક નેતા સામે આરોપ લગાવવામાં આવ્યા છે. અમે શ્રી દાસની ધરપકડ સામે શાંતિપૂર્ણ રીતે વિરોધ કરી રહેલા લઘુમતીઓ પર થતા હુમલાઓ અંગે પણ ચિંતા વ્યક્ત કરીએ છીએ.

અમે બાંગ્લાદેશ પ્રશાસનને આગ્રહ કરીએ છીએ કે તેઓ હિન્દુઓ અને તમામ લઘુમતીઓના શાંતિપૂર્ણ એકત્રિત થવા અને અભિવ્યક્તિની સ્વતંત્રતાના અધિકાર સહિત તેમની સુરક્ષા અને સલામતી સુનિશ્ચિત કરે.

**નવી દિલ્હી 26 નવેમ્બર, 2024**